# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

વંચાણે લીધોઃ (૧) આ યુનિ. ના પરિપત્ર નં. આકૃયુ/રજિ/સંકલન/૩૯૯૯ તા.૭/૪/૨૦૧૨

(૨) આ યુનિ. ના પરિપત્ર નં. આકૃયુ/રજિ/સંકલન/૫૩૬૨ તા.૨૩/૫/૧૨

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે કરારી ધોરણે ઇસમો રોકવા માટે ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રથી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે. તે મુજબ જે તે યોજનાઓમાં મંજુર થયેલ મહેકમની ખાલી રહેલ જગ્યાની સામે કરાર આધારિત ઇસમ રોકવાની દરખાસ્ત અત્રે રજુ કરવાની રહેશે તેમ જણાવેલ છે.

આ અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે કે જે તે કોલેજ/યુનિટ ખાતે મંજુર થયેલ પ્લાન / આઇસીએઆર/ અધર એજન્સી / રીવોલ્વીગ ફંડની યોજનાઓ કે જેમાં મહેકમ મંજુર થયેલ ન હોઇ તેવી યોજનાઓમાં કામની જરુરીયાત માટે કરાર આધારિત ઇસમો રોકવાની દરખાસ્ત અત્રે મોકલવાની રહેતી નથી.

વધુમાં જણાવવાનું કે તાજેતરમાં જુનિયર કલાર્કની જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવેલ છે અને જે તે કચેરીની ખાલી રહેલ જગ્યાઓ ઉપર નિમણુંક આપી મુકવામાં આવેલ છે આ ભરાયેલ જગ્યાઓ સામે હાલ કરાર આધારિત ઇસમો રોકવામાં આવેલ હોય તો તેવા ઇસમોને છુટા કરી તેની જાણ અત્રે કરવાની રહેશે અન્યથા આ અંગે ભવિષ્યમાં કોઇ ઓડીટ પ્રશ્નો ઉભા થશે તો તેની જવાબદારી સંબંધિત અધિકારીની રહેશે જેની નોંધ લેશો.

પ્રસ્તુત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

કુલસચિવ

નં. આકૃયુ/રજિ/સંકલન/ /૨૦૧૨

તા. /૯/૨૦૧૨

નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારુ.

આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ.

**નકલ રવાનાઃ**

૧. આ કચેરીની તમામ શાખાઓ તરફ

૨. કુલપતિ/કુલસચિવના રહસ્ય સચિવશ્રી તરફ.